# મે માસની આકરી ગરમીએ ગાંધીનગરનાં ૮૭ને બેભાન કર્યા

## ૭૬ વ્યક્તિઓને ઝાડા ઉલ્ટી થઈ ગયા ને ૫૧ ચક્કર ખાઈને પડયા : ૧૦૮ને ગરમીથી બિમાર થયાના ૩૮૨ કોલ મળ્યા

મે મહિનામાં પડેલી કાળઝાળ ગરમીથી ગાંધીનગરના ૩૮૨થી વધુ વ્યક્તિઓ પ્રભાવિત થયા છે. ૨૮ મે સુધી ૧૦૮ એમ્બ્યુલન્સને ગાંધીનગરમાંથી ગરમીને કારણે તકલીફો થયાના ૩૮૩ કોલ મળ્યા છે જેમાં ૮૭ વ્યક્તિઓ બેભાન, ૭૬ને ઝાડા ઉલ્ટી અને ૫૧ને ચક્કર આવતા હોસ્પીટલાઈઝડ કરવા પડયા હોવાનું જાણવા મળ્યું છે.

સમગ્ર ગુજરાતમાંથી ૧૦૮ એમ્બ્યુલન્સને ૧૮૯૯૧ ગરમીને કારણે બિમારીના કોલ મળ્યા છે જે પૈકી સૌથી વધુ કેસ અમદાવાદમાંથી આવ્યા છે. અમદાવાદમાં ૪૧૨૫, સુરતમાં ૧૮૩૬, બરોડામા ૯૦૫, રાજકોટમાં ૮૯૨ અને ગાંધીનગરમાં ૩૮૨ વ્યક્તિઓ ગરમીથી પ્રભાવિત થયાના કેસ ૧૦૮ને મળ્યા છે. જેમાં ગાંધીનગરના ૩૮૨ પૈકી ૭૮ને પેટમાં દુઃખાવો, ૨૪ બ્લડપ્રેશરની તકલીફ, ૪૦ છાતીમાં દુખાવો, ૪ નાકમાંથી લોહી નીકળવું, ૩૨ ચક્કર આવવા, ૫૧ આકરી ગરમીથી પડી જવાના, ૭૬ ઝાડા ઉલટીના ને સૌથી વધુ ૮૭ કોલ બેભાન થઈ જવાના આવ્યા હતાં. મે માસની ૧ થી ૨૮ તારીખ સુધીની ગરમીમાં ગાંધીનગરમાં ગરમી રીલેટેડ ૩૮૩ કોલ ઈમર્જન્સી ૧૦૮ એમ્બ્યુલન્સને મળ્યા હતાં.

# ઉત્તર ગુજરાતમાં તરખાટ મચાવનાર ચોર ઝડપાયો

## વિસનગર, મહેસાણા, વિજાપુર, વિરમગામ, ભિલોડા, ઈડર સહીતના વિસ્તારોમાં ૧૪ ગુના આચર્યા હોવાની સનસની કબુલાત : ગાંધીનગર એલસીબીએ પ્રેસ સર્કલ પાસેથી પકડી પાડ્યો

ગાંધીનગર, તા. ૨૯

સમગ્ર ઉત્તર ગુજરાતમાં પોતાના સાગરીતો સાથે મળીને તરખાટ મચાવનાર ચોર ગાંધીનગર એલસીબીની એબસ્કવોન્ડર સ્કવોડે ઝડપી પાડ્યો છે. પ્રેસ સર્કલ પાસેથી ઝડપાઈ ગયેલા શખ્સની સઘન પુછપરછ કરતાં વિસનગર, મહેસાણા, વિજાપુર, વિરમગામ, ભિલોડા સહિતના વિસ્તારોમાં તેણે ૧૪ ગુનાઓ આચર્યા હોવાની કબુલાત કરી છે. એલસીબીએ તેની ધરપકડ કરી લીધી છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની સુચનાથી એબસ્કવોન્ડર સ્કવોડના પીએસઆઈ કૃણાલ પટેલ તથા તેમની ટીમ મિલ્કત સંબંધીત ગુનાઓ ઉકેલવા કામે લાગી છે ત્યારે ચોક્કસ બાતમીને આધારે આજે પ્રેસ સર્કલ સે. ૨૮ પાસેથી એક વોન્ટેડ રીઢા ચોરને ટીમે ઝડપી પાડ્યો છે.



વર્ષ-૨૦૧૩ થી વોન્ટેડ શાહરૂખ ઊર્ફે ડુગ્ગો રહીમશા ફકીર (રહે. દહેગામ)ની સાધના પુછતાછ કરતાં રીક્ષામાં વૃદ્ધાનો બોસાડી વીસનગરની હદમાં રૂ. ૨.૯૩ લાખના દાગીના સેરવી લીધા હોવાના ગુનો કબુલ્યો હતો. આ ચોરે વીસનગર પોલીસે ડીટેક્ટ કરી ત્યારે અન્ય સાગરીતો પકડાઈ ગયા હતા પારંતુ શાહરૂખ મુંબઈ ભાગી ગયો હતો. એલસીબીએ સાધના પુછપરછ કરતાં શાહરૂખે તેના સાગરીતો ફિરોજ, મહેબુબા અને ચંદ્ર સાથે મળીને અત્યાર સુધી ૧૪ ગુના આચર્યા હોવાની કબુલાત કરી છે. વિસનગરમાં ૨૦ હજાર રોકડા, મહેસાણા-વિસનગર ચોકડીએ ૩૫ હજારની મત્તા, ખેરાલુ નારદીપુર ત્રણ રસ્તા પાસે ૨૦ હજારની મત્તા, સમી ગામે ચાંદીની પાયલોની ચોરી, વિજાપુર રોડ પર ૫ હજારની મત્તા, મહેસાણામાં ૫ હજારની મત્તા, વિજાપુર પીલવાઈમાં ૭ હજાર રોકડા, પાટણ રોડ પર ખડી ચાર રસ્તા પાસે સોનાની ચેઈન, ખડી ચોકડીથી ખેરાલુ રોડ પર ૫ હજાર રોકડા, પાટણ-મહેસાણા રોડ પર ૭૫૦૦ રોકડા, ઈડરમાં ૩૫૦૦ રોકડા, ભિલોડામાં ૧૫૦૦ રોકડા, વિજાપુર રોડ ખાતે ૧૫ હજારની મત્તા અને વિસનગરમાં રૂ. ૨.૯૩ લાખની મત્તાની ચોરી અત્યાર સુધી તબક્કામાં કરી હોવાની કબુલાત આરોપીએ કરી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

**સૂર્યોદય : ૫.૫૫**
**સૂર્યાસ્ત : ૭.૨૧**

## તાપમાન

**મહત્તમ : ૪૨.૫ ડિ.સે.**
**લઘુત્તમ : ૨૯.૦ ડિ.સે.**

## ભેજનું પ્રમાણ

**સવારે ૬૭ ટકા ● સાંજે ૨૨ ટકા**

## મનોરંજન

### સિનેમેક્સ

**સ્ક્રીન-૧ :**
બોમ્બે વેલ્વેટ : ૯.૨૦, ૧૨.૩૦, ૩.૪૦, ૬.૫૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨ :**
બોમ્બે વેલ્વેટ : ૧૧.૩૦, ૫.૫૦, ૧૦.૦૦
બે યાર : ૨.૪૦

**સ્ક્રીન-૩ :**
પીકુ : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪ :**
ગબ્બર ઈઝ બેક : ૧૦.૪૫, ૧.૩૫, ૪.૨૫, ૧૦.૨૦
એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦

### સિટીપલ્સ

**સ્ક્રીન-૧ :**
બોમ્બે વેલ્વેટ : ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨ :**
બોમ્બે વેલ્વેટ : ૧૨.૩૦
પીકુ : ૧૦.૦૦, ૩.૧૫, ૧૦.૧૫, ૪.૪૫.

**સ્ક્રીન-૩ :**
મેડ મેક્સ (ઈંગ્લીશ) ૨.૪૫, ૭.૪૫
મેડ મેક્સ (હિન્દી) ૧૨.૪૫, ૫.૧૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૪ :**
જો બકા : ૧૦.૦૦
ગબ્બર ઈસ બેક : ૭.૦૦
પીકુ : ૧૨.૪૫

**સ્ક્રીન-૫ :**
બોમ્બે વેલ્વેટ : ૧૦.૦૦
પીકુ : ૬.૪૫
ગબ્બર ઈસ બેક : ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : નોકરીમાં સહકર્મચારીઓ, મિત્રોનો સાથ- સહકારી મળી રહે. ધર્મમાં આસ્થા વધશે. અટવાયેલા કાર્યોનું નિરાકરણ આવી શકે છે. લાભનો માર્ગ મોકળો બનતો જણાય.

**વૃષભ** : જીવનમાં વિવિધતા પૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વ્યાપાર-વ્યવસાયક્ષેત્રમાં વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી.

**મિથુન** : કાર્યક્ષેત્રમાં મિત્રોનો સાથ સહકાર મળી શખે છે. આર્થિક લાભની તક મળી શકે છે. નોકરીમાં પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. ઋણથી મુક્ત થઈ શકો છો.

**કર્ક** : આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે. ચિંતાથી મુક્તિ મળી શકે છે. સમસ્યાઓનો ઉકેલ આવી શકે છે. ખાનપાનમાં ગડબડીથી પેટમાં તકલીફ થઈ શકે છે.

**સિંહ** : વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં સ્ત્રોત તરફ વિચાર-વિમર્શ થઈ શકે છે. ધર્મ-આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતતનો યોગ. કૌટુંબિક સમસ્યાઓનું નિરાકરણ આવી શકે છે.

**કન્યા** : સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ મળી શકે છે. ચિંતાઓમાંથી બહાર આવવાનો માર્ગ મળી શકે છે. કુંટબમાં ઉભી થયેલી સમસ્યાઓનો ઉકેલ આવી શકે છે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે.

**તુલા** : સામાજિક માન- સન્માનમાં વધારો થઈ શકે છે. તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં પ્રતિષ્ઠામાં વધારો અપાવી શકે છે.

**વૃશ્ચિક** : વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. આવક કરતાં વધુ ખર્ચ થવાથી આર્થિક તંગીની આશંકા છે. વિદ્યાર્થીવર્ગ ને દિવસ આનંદમય રીતે પસાર થશે.

**ધન** : વેપાર ક્ષેત્રમાં થયેલ પ્રવાસ લાભદાયી નીવડી શકે છે. અટકાયેલા નાણાં પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક જવાબદારીઓની ચિંતા હળવી બને.

**મકર** : ખાનપાનમાં ગડબડીથી પેટમાં તકલીફ થઈ શકે છે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. નોકરીમાં ઉપરવર્ગના અધિકારીઓ સાથે વાદવિવાદ ઉભો થતો હોય તેવી બાબતોથી દૂર રહેવું.

**કુંભ** : કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. ભૂમિ- સંપતિના સોદામાં લાભ થવાની સંભાવના છે. વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવા પડશે.

**મીન** : અથાગ પ્રયત્ન કરવા છતાં ઓછો લાભ મળી શકે. નકામો તનાવ, મુશ્કેલીઓના ભારણ નીચે દબાતા હોવાનો અનુભવ થતો જણાય.અનુભવીનું માર્ગદર્શન લેવું.

## ચિરવિદાય

- સ્વ. હંસાબેન વિનોદભાઈ શાહ (ઉ.વ.૬૫) આમ્રપાલી સહદ્યાજીવન કુટીર, મુ. પીંડારડા, તા.જી. ગાંધીનગર

# વિજ્ઞાન પ્રવાહમાં શેઠ સી.એમ. હાઈસ્કુલનું ૯૯.૦૬ ટકા પરિણામ

ગાંધીનગર, તા. ૨૯

શહેરના સેકટર-૨૩માં આવેલ શેઠ સી.એમ. હાઈસ્કુલ એન્ડ હાયર સેકન્ડરી સ્કુલે વિજ્ઞાન પ્રવાહ પરિણામમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કર્યુ છે. ગાંધીનગર કેન્દ્રનું ૯૧.૩૭ ટકા પરીણામ જાહેર થયું છે. ત્યારે શેઠ સી.એમ. હાઈસ્કુલે ૯૯.૦૬ ટકા પરિણામ મેળવ્યું છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૫માં લેવાયેલ ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહ સેમેસ્ટર-૪નું પરીણામ જાહેર થઈ ગયું છે. ગાંધીનગરની શેઠ સી.એમ. હાઈસ્કુલ એન્ડ હાયર સેકન્ડરી સ્કુલે ૯૯.૦૩ ટકા પરિણામ મેળવ્યું છે.

વિજ્ઞાન પ્રવાહમાં શાળામાંથી ૩૨૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા બેઠા હતા. જેમાંથી ૩૧૭ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે અને ૩ વિદ્યાર્થીઓએ પરિણામ સુધારવા અરજી કરી છે. શાળાના એ-૨ ગ્રેડમાં ૨૨, બી-૧ ગ્રેડમાં ૫૬, બી-૨ ગ્રેડમાં ૭૮, સી-૧ ગ્રેડમાં ૬૭, સી-૨ ગ્રેડમાં ૭૬ અને ડી ગ્રેડમાં ૧૮ વિદ્યાર્થીઓ પાસ થયા છે.

# નગરમાં આકરા ઉનાળાએ આલબેલ પોકારી પશુઓ માટે પણ લીલો ઘાસચારો આવ્યો

## દાન-પુણ્યની શ્રદ્ધા થકી પશુઓને મળી રહેલો તાજો ખોરાક, પશુપાલકો વેચાતુ પણ ઘાસ લઈ રહ્યા છે

ગાંધીનગર, તા. ૨૯

અગનગોળા વરસાવતી ગરમીએ માનવી તો ઠીક પશુપંખીઓને પણ ઝંઝોળી નાખ્યા છે. આહાર પ્રત્યે મનુષ્યને આ અસહ્ય ગરમીમાં અરૂચિ પેદા થઈ છે તેજ રીતે પશુઓ પણ સુકા ઘાસચારાથી અકળાઈ ઉઠ્યા છે. જેથી હાલ નગરમાં પશુઓ માટે લીલો ઘાસચારો આવ્યો છે. જોકે નગરમાં પશુપાલનનો વ્યવસાય નહીવત છે પરંતુ દાન-પુણ્યની શ્રદ્ધા ધરાવનાર ધાર્મિક આસ્થાવાળા પશુઓને લીલા ઘાસચારો નીરી રહ્યા છે. જેથી પશુઓ પણ આ આકરી ગરમીમાં તાજા ખોરાકથી તૃપ્ત થઈ રહ્યા છે.

નગરમાં આકરા ઉનાળાએ ચોતરફ આલબેલ પોકારીને તોબા બોલાવી દીધુ છે. મનુષ્ય આ ગરમીથી ત્રાહીમામ થઈને ઠંડક મેળવવાના પ્રયાસો આરંભી દીધા છે ત્યારે અબોલ પશુઓની સ્થિતિને ધ્યાને લઈ તેમના ખોરાકમાં લીલા ઘાસચારાનું આયોજન થયું છે. નગરમાં હાલ લીલો ઘાસચારાનું વેચાણ શરૂ થયું છે. જેમાં વ્યવસાય અર્થે વપરાતા બળદગાડા, ઊંટલારી માટે આ ઘાસચારો ખરીદાઈ રહ્યો



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

છે. તો બીજી તરફ દાન-પુણ્યની શ્રદ્ધા ધરાવનાર લોકો આ ઘાસચારો ખરીદીને ગાયને ખવડાવી રહ્યા છે. લીલા ઘાસચારાથી પશુઓમાં સ્ફુર્તિ પેદા થઈ છે તેમજ આકરી ગરમીમાં પોષણ મળ્યું છે.

જો કે જાણવા મળ્યા મુજબ ખેડૂત વર્ગ લીલુ ઘાસ વેચાણ કરતા નથી. પરંતુ લીલા ઘાસચારાનું બારેમાસ વેચાણ કરતા આ વ્યવસાયીઓ જમીન વેચાણ કે ભાડે લઈ ઘાસચારો ઉગાડતા હોય છે. જેઓ ચીકુડી, લચકો, લચકો બાજરી તેમજ લીલી બાજરીના ઘાસનું મુખ્યત્વે વેચાણ કરતાં હોવાનું ખેડૂત વર્ગ જણાવી રહ્યો છે. નગરમાં પશુપાલન વ્યવસાય નહીવત હોવાથી આ ઘાસચારો મુખ્યત્વે ઉનાળામાં વેચાણ થઈ રહ્યો છે. રૂ. ૫ થી રૂ. ૧૦ની એક જુડી ઘાસનો વેપાર થઈ રહ્યો છે. વધુમાં રખડતી ગાયોને ખાસ કરીને લોકો પુણ્ય સમજી આ ઘાસચારો વેચાણ લઈ ખવડાવતા હોય છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં દૂધ ઉત્પાદન વધારવા ખેડૂતો પશુઓને લીલો ઘાસચારો નીરતા હોય છે. જો કે લીલા ઘાસચારો નગરમાં વેચાણ કરવાનો એક વ્યવસાય બન્યો છે. અને તેમાં પણ લોકો માનવતા અને ધાર્મિક આસ્થાને ધ્યાને લઈ અબોલ પશુઓની માવજત કરે છે.

# આમ આદમી પાર્ટી ગાંધીનગરે પાર્ટીની હેલ્પલાઈન સેવા શરૂ કરી

## શહેર અને જિલ્લાના પાર્ટીના કાર્યકરો ઉપરાંત રહિશો પણ હેલ્પલાઈન સેવાનો લાભ લઈ શકશે : કાર્યકરોને સેવાનો લાભ લઈ પાર્ટીની રણનીતિથી વાકેફ થવા જણાવ્યુ

ગાંધીનગર, તા. ૨૯

આમ આદમી પાર્ટીએ દિલ્હીની ગાદી મેળવ્યા બાદ દેશના દરેક શહેરમાં પોતાના કાર્યાલયો શરૂ કરવામાં આવ્યા છે. પાર્ટી દ્વારા આવનારા સમયમાં ચૂંટણીથી રણનીતિ ઘડવા માટે ગાંધીનગર જિલ્લા માટે હેલ્પલાઈન સેવા શરૂ કરવામાં આવી છે.

આમ આદમી પાર્ટીગાંધીનગર દ્વારા જિલ્લાની આમ આદમી પાર્ટીની રોજબરોજની કામગીરી માટે કાર્યકરો સીધો સંપર્ક સાધી શકે તે હેતુથી તા. ૧ જૂનથી હેલ્પલાઈન સેવા શરૂ કરવામાં આવનાર છે.

જિલ્લાના 'આપ'ના કાર્યકરો હવેથી ૯૮૨૫૩૧૯૧૯૧ ઉપર સંપર્ક કરી પાર્ટીની માહિતીથી વાકેફ થઈ શકશે. આ હેલ્પલાઈન સેવાનો જિલ્લાના અને શહેરના રહિસો પણ લાભ લઈ જાણકારી મેળવી શકશે.

શહેર અને જિલ્લામાં થોડાક જ સમયમાં ચૂંટણીઓના નગારા સંભળાશે. આમ આદમી પાર્ટીએ દિલ્હીનો દરબાર પોતાના નામે કર્યો છે. તેમજ પંજાબ રાજ્યમાં પણ તેના સાંસદો ચૂંટાઈને આવ્યા છે. ત્યારે આગામી સમયમાં ગુજરાતમાં પણ 'આપ' પાર્ટી ચૂંટણીના મેદાનમાં ઉતરશે.

# રીંગણમાં છાંટવાની દવા પી જઈ મોટી આદરજનાં યુવાનનો આપઘાત

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર નજીક સ્થિત મોટી આદરજ ગામના ૪૦ વર્ષીય ખેડુત યુવાને પોતાના ખેતરમાં જઈ ગઈ કાલે સવારે રીંગણમા છાંટવાની દવા ગટગટાવી લેતા ગંભીર હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતાં. જો કે જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહેલા યુવાનનું મોડી સાંજે હોસ્પિટલમાં જ સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું હતું. પેથાપુર પોલિસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ગુનાનીવધુ તપાસ શરુ કરી છે.

મોટી આદરજ ગામમાં રહેતા ૪૦ વર્ષીય પ્રભાતજી શંકરજી ઠાકોર ગઈ કાલે વહેલી સવારે પોતાના ઘરેથી ખેતરે પહોંચી ગયા હતા અને રીંગણમાં છાંટવા માટેની દવાની બોટલ લઈ કોઈ કારણોસર ગટગટાવી લીધી હતી. ગંભીર હાલતમાં પ્રભાતજીને સારવાર માટે તાત્કાલીક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા જયાં મોડી સાંજે તેમણે દમ તોડયો હતો. પેથાપુર પોલીસને ઘટનાની જાણ થતા બનાવ સ્થળે પહોંચી અકસ્માત મોતનો ગુનો નોંધી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે પ્રભાતજી છેલ્લા કેટલાક દિવસોતી સતત કોઈ વિચારોમાં રહેતા હતા અને હતાશાનો ભોગ બનેલા હતાં.

# શહેર જાગૃત પરિષદની બેઠક સોમવારે મળશે

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની માસિક બેઠક મળશે. આગામી તા. ૧ જૂન સોમવારના રોજ સવારે ૧૦.૦૦ વાગે સેકટર-૨૧ નમન એપાર્ટમેન્ટ ખાતે મળશે. બેઠકમાં જે સભ્યોને કામગીરી સોંપવામાં આવી છે તેની સમીક્ષા કરવામાં આવશે.

# આજે નાગરિક સંરક્ષણ એકમની બેઠક મળશે

ગાંધીનગર, તા. ૨૯

નાગરિક સંરક્ષણ એકમની માસિક બેઠક આજરોજ શનિવાર સવારે ૧૧.૩૦ કલાકે નાગરિક સંરક્ષણની કચેરી, બ્લોક નં. ૨/૧ ડૉ. જીવરાજ મહેતા ભવન ખાતે યોજાશે. બેઠકમાં તમામ વોર્ડનો, ક્લબ રીસ્પોન્સ ટીમના સભ્યોને હાજર રહેવા જણાવવામાં આવ્યું છે.

# ચિલોડામાં પરિણિતાએ પોતાના ઘરે ગળેફાંસો ખાઈ લીધો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર નજીક મોટા ચિલોડા ખાતે રહેતી ૩૫ વર્ષની પરિણિતાએ આજે બપોરના અરસામાં પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ લીધો હતો. પતિએ ઘરમાં લટકી ગયેલી પત્નિ અંગે જાણ થતા તાત્કાલિક પ્રાઈવેટ વાહનમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાઈ હતી. જો કે ફરજ પરના તબીબે મૃત જાહેર કરી હતી. ચિલોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી ગુનાની ઊંડી તપાસ શરૂ કરી છે.

મોટા ચિલોડા ગામમાં રહેતી ૩૫ વર્ષીય રચના જીગ્નેશકુમાર ઠાકોર આજે બપોરના અરસામાં ઘરે હતી ત્યારે કોઈ કારણોસર પોતાના રૂમમાં જઈને ગળે ટુંપો દઈ ફાંસો ખાઈ લીધો હતો. તેણીના લગ્ન થયે ૧૦ વર્ષ થયા હોવાનું જાણવા મળ્યુ છે. પતિ જીગ્નેશને ઘટનાની જાણ થતા તાત્કાલિક ગાડીમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ રચનાને લઈ જવાઈ હતી. જો કે ત્યાં સુધીમાં તેણીનો શ્વાસ રૂંધાઈ ચુક્યો હતો. ફરજ પરના તબીબે મૃત જાહેર કરી પોલીસને જાણ કરતાં ચિલોડા પોલીસમથકના પીએસઆઈ એમ.ડી. પટેલે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી આપઘાત કરવા પાછળનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.

# ચન્દ્રાલામાં પાટીદાર સમાજ દ્વારા વોલીબોલ ટુર્નામેન્ટનું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૨૯

વેકેશન દરમિયાન રમતપ્રેમીઓ દ્વારા અનેક ટુર્નામેન્ટોનું આયોજન કરવામાં આવે છે. શહેર અને જિલ્લામાં હાલમાં જ ક્રિકેટ ટુર્નામેન્ટો પુરી થઈ છે. ક્રિકેટની સિઝન પુરી થતા જ યુવાનો દ્વારા વોલીબોલ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. આજે ચન્દ્રાલા ખાતે વોલીબોલ ટુર્નામેન્ટ યોજવામાં આવશે.

સાબરકાંઠા જિલ્લા સરદાર પટેલ સેવાદળ, ૪૨/૮૪ કડવા પાટીદાર યુવા ફાઉન્ડેશન અને ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજ દ્વારા વોલીબોલ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. ટુર્નામેન્ટનો આજ રોજ શનિવારે ચન્દ્રાલા સ્થિત પી.એમ. પટેલ સાર્વજનિક શૈક્ષણિક સંકુલ ખાતે રાત્રે ૮-૦૦ વાગે રંગારંગ શુભારંભ કરાશે.

ટુર્નામેન્ટમાં પ્રવેશ માટે રૂ. ૭૦૦ ફી રાખવામાં આવી છે. ટુર્નામેન્ટમાં સમાજના ઉત્સાહી અનો રમતપ્રેમીઓની ટીમનો જોડાવા જણાવવામાં આવ્યું છે. ટુર્નામેન્ટમાં જોડાવા ઈચ્છુક ટીમના કેપ્ટનોએ ઉર્વેશ પટેલ, બ્રિજેશ પટેલ, અશોકભાઈ પટેલ, કુંદન પટેલ, મેહુલ પટેલનો સંપર્ક આજે ૬.૦૦ વાગ્યા પહેલા કરવા જણાવ્યું છે.

# દિલ્હીના ઉદ્યોગપતિ ભવરલાલે સંયમનો માર્ગ અપનાવતા બહુમાન કરાયું

ગાંધીનગર, તા. ૨૯

દિલ્હીના જાણીતા ઉદ્યોગપતિ સંઘવી ભંવરલાલ દોશી સંસાર ત્યાગ કરી સંયમના માર્ગે પ્રયાણ કરી રહ્યા છે ત્યારે ગાંધીનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ સેકટર-૨૨ ખાતે તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું.

જાહોજલાલીવાળી જીંદગીનો ત્યાગ કરી પ્રભુના નામના જાપ કરવા માટે દિલ્હીના જાણીતા ઉદ્યોગપતિ સંઘવી ભવરલાલ દોશીએ સંસારત્યાગ કર્યો છે. ત્યારે સેક્ટર-૨૨ સ્થિત જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘે ભવરલાલનું બહુમાન કર્યુ હતુ. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતુ કે મારા જીવનમાં પાંચ પ્રકારના પરિવર્તન આવ્યા છે. જેમાં સંસાર પરિવર્તન, વિચાર પરિવર્તન, પ્રવૃત્તિ પરિવર્તન, જીવન પરિવર્તન અને ભાવ પરિવર્તન વધુમાં કહ્યું હતુ કે દિક્ષા દાનેશ્વરી આ.ભ. ગુણરત્ન સુરીશ્વરની કૃપા દ્રષ્ટિ રહી છે. જીવ એક વન છે ત્યારે ગુરૂ મળતા આ વન ઉપવન બની જાય છે. આ પ્રસંગેમોટી સંખ્યામાં જૈન સમાજ ઉપસ્થિત રહ્યો હતો.

# નાના અને અનુસૂચિત જાતિના ખેડૂતો માટે સરકારે સહાયમાં વધારો કર્યો

## જીજીઆરસીએ સુક્ષ્મ પિયત યોજનાની સહાયમાં થયેલ વધારાનો લાભ લેવા ખેડૂતોને અનુરોધ કર્યો

ગાંધીનગર, તા. ૨૯

રાજ્યનો ખેડૂત ખેતી કરી ખૂબ ઉંચાઈઓ હાંસલ કરે તે માટે સરકાર દ્વારા અથાગ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. કેન્દ્ર સરકાર દ્વારા કિસાનો માટે હાલમાં જ કિસાન ચેલનનો શુભારંભ કરવામાં આવ્યો છે. સુક્ષ્મ પિયત યોજનાની સહાયમાં ખેડૂતો માટે વધારો કરવામાં આવ્યો છે. આ યોજનાનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની દ્વારા વર્ષ ૨૦૧૪ સુધીના નાના સીમાંત, મોટા અને અનુસૂચિત જાતિના ખેડૂતોને પ્રતિ હેક્ટરે કુલ ખર્ચના ૫૦ ટકા અથવા રૂ. ૬૦ હજાર જે ઓછુ હોય તે સહાય આપવામાં આવતી હતી. જે સહાયમાં સરકારે વર્ષ ૨૦૧૫-૧૬થી સહાયમાં ૧૦ ટકાનો વધારો કર્યો છે.

અનુસૂચિત જનજાતિના ખાતેદારોને સહાયના દર ૨૫ ટકાના વધારા સાથે પ્રતિ હેક્ટર કુલ ખર્ચના ૭૫ ટકા અથવા ૮૦ હજાર જે ઓછુ હોય તે આપવામાં આવશે. આ સહાયનો લાભ લેવા માટે ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપનીનો સંપર્ક કરવા જણાવ્યુ છે.

રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર ખેડૂતોના વિકાસ અર્થે ખુબજ સારા પ્રયાસો કરી રહી છે. કિસાનોને માહિતી મળી રહે તે માટે કિસાન ચેનલ શરૂ કરવામાં આવી છે. ભારત ખેતી પ્રધાન દેશ છે. ભારતની ખેતી કનિષ્ટની જગ્યાએ ઉત્તમ સાબિત થાય તેવા પગલા લેવામાં આવી રહ્યા છે. દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અનેક કિસાનલક્ષી યોજનાઓ લાવી રહ્યા છે. ત્યારે ખેડૂતોને આ યોજનાઓનો મહત્તમ લાભ જીજીઆરસીના અધિકારીએ જણાવ્યું છે.